


"લ્યો... પાછો ભાવ વધ્યો..!!"

"શેમાં ભાવ વધ્યો... પાછો..?!"

"અરે..! સાહેબ સાંભળ્યા નહિ સમાચાર..! રસોઈગેસના સિલિન્ડરમાં ૯૩ રૂપિયાનો ભાવ વધારો..! આ કંઈ નાનો સુનો ભાવ વધારો ઓછો છે..?!"

"આ તો તમને ખબર જ છે... કે પેટ્રોલ-ડિઝલ અને ગેસના ભાવ આંતરરાષ્ટ્રિય સ્તર ઉપર ક્રુડના ભાવની વધઘટ પર આધારિત છે..! આમાં આટલી કાગારોળ શા માટે કરો છો..?!"

"ખરા છો સાહેબ..! આ ભાવ વધારો જો ત્રણ વર્ષ પહેલાં થયો હોત તો તમે દેશ માથે લીધો હોત..! અને અત્યારે ડાહ્યા ડમરાં થઈને સુફીયાણી વાતો કરો છો..?!"

"હં...અ... તમને એલપીજી ગેસમાં સબસીડી આપી એ દેખાતુ નથી..?! ઉજ્જવલા યોજનામાં ઘેર-ઘેર ગેસના જોડાણ અપાયા તે તમને દેખાતું નથી..! પેલા ક્વોટા અને કાળાબજાર નેસ્તનાબૂદ કરાયા એ દેખાતુ નથી..! અને વૈશ્વિકસ્તર પરનો વધારો આવ્યો, એમાં તમે હો-હા કરો છો..!!"

"અરે વાહ..! ખરો છે તમારો બચાવ..!! ભાવ વધારો એ ભાવ વધારો જ છે... નાના અને મધ્યમ વર્ગના બજેટ ખોરવાઈ જાય છે તેની કંઈ ખબર પડે છે તમને..?! અને અમે બોલીએ એના કરતાં ૨૦૧૪ના તમારા સાહેબના જ ભાષણો સાંભળી લો..! તમારા જ શબ્દો તમે સાંભળશો એટલે તમને ખબર પડશે કે મોંઘવારી શું ચીજ છે..?! દિવસે દિવસે મધ્યમ વર્ગ લાચાર બનતો જાય છે..!"

".... ને તમે તો જાણે સોંઘવારી જ બધી કરી હોય તેવી વાતો કરો છો..?! જેમ-જેમ વિકાસ થાય તેમ મોંઘવારી તો વધવાની જ છે..! પગારો વધ્યા... આવક વધતી ગઈ તેમ મોંઘવારી પણ વધતી જાય..! એ સીધુ-સાદુ સમીકરણ છે..!"

"હા...હા... હવે તો તમે એમ જ બોલશો ને..?! તમારા તેવર બદલાતા જાય છે..! પણ સામાન્ય માણસ બીચારો મોંઘવારીના ખપ્પરમાં હોમાતો જાય છે..! તમારે ઠીક છે..!"

"અરે વાહ..! તમે તો જાણે ગરીબોના તારણહાર હોય તેવી વાતો કરો છો..! અમે જ જાણે મોંઘવારી વધારીએ છીએ..!! સામાન્ય માણસની ચિંતા જેટલી તમને છે એટલી જ અમને નથી..! અમારી યોજનાઓનો અભ્યાસ કરો તો તમને ખબર પડશે કે અમારી દરેક વાતના કેન્દ્રમાં સામાન્ય માણસ છે."

"હા... એ તો ખબર જ છે..! તમારી બધી યોજનાઓ કાગળ ઉપર ભવ્ય છે..! અમલમાં જીરો છે..! આર્થિક અસમાનતા કેટલી વધતી જાય છે..?! એના આંકડા જુઓને તો તમારી યોજના ઉપર માથા પછાડવાનું મન થાય..!"

"કેમ આટલા બધા આકરા પાણીએ છો..?! આ બધુ વારસામાં તમે જ આપ્યું છે..!! રાતોરાત કંઈ બધુ નથી બદલાઈ ગયું... તમારા અણઘડ અને સ્વાર્થી નિર્ણયો, કટકીઓ અને કૌભાંડોના કારણે તો આર્થિક-અસમાનતા વધી છે..!! અમારા કારણે નઈ. સમજ્યા..?!"

● અનુસંધાન પાન-૫ પર

# આજે પ્રધાનમંત્રી ગાંધીનગર આવશે

**અક્ષરધામના રજત જયંતિ મહોત્સવમાં હાજરી આપશે : સાંજે ૪ : ૧૫ કલાકે એરપોર્ટથી રાજભવન પહોંચશે : સાંજે ૬ : ૧૦ અક્ષરધામ પહોંચશે : અક્ષરધામથી સાંજે ૮ :૦૫ કલાકે દિલ્હી જવા એરપોર્ટ રવાના થશે : પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી ચાંપતો સુરક્ષા બન્દોબસ્ત : જ માર્ગ બંધ રહેશે**





ગાંધીનગર તા ૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગરની મુલાકાતે આવશે. અક્ષરધામના રજત જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે અક્ષરધામ મંદિરમાં હાજરી આપશે. અમદાવાદ એરપોર્ટ પર સાંજે ૪ : ૧૫ કલાકે પ્રધાનમંત્રીનુ આગમન થશે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી રૂટમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જયારે આજે જ માર્ગ ટ્રાફિકની અવરજવર માટે સંપુર્ણ બંધ રહેશે. એસ ટી ની સેકટરોના રૂટની બસો પણ ઘ અને ચ માર્ગ પરથી જ દોડશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગરની મુલાકાતે આવશે. અક્ષરધામ રજત જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે પી એમ ઉપસ્થિત રહેશે. અમદાવાદ એરપોર્ટ પર સાંજે ૪ : ૨૫ કલાકે પ્રધાનમંત્રીનુ આગમન થશે. અરપોર્ટથી રાજભવન પહોંચશે. જયાં મુખ્યમંત્રી તેમજ પક્ષના નેતાઓ સાથે ચર્ચા વિચારણા કરી સાંજે ૫ : ૫૫ કલાકે અક્ષરધામ જવા રવાના થશે. સાંજે ૬ કલાકે અક્ષરધામમાં ૨૫ વર્ષની ઉજવણી અન્વયે યોજાનારા રજતજયંતિ કાર્યક્રમમાં હાજરી આપશે.



ત્યારબાદ સાંજે ૮:૦૫ કલાકે દિલ્હી જવા અરપોર્ટ માટે નિકળશે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર કક્ષાએથી પણ પુર્વતૈયારીઓ કરી દેવાઈ છે. પ્રધાનમંત્રીની સુરક્ષાને અનુલક્ષી ચાંપતો પોલીસ બન્દોબસ્ત પણ રૂટમાં ગોઠવી દેવાયો છે. એરપોર્ટથી રાજભવન તેમજ અક્ષરધામના રૂટમાં પણ કડક બન્દોબસ્ત ગોઠવી દેવાયો છે. જયારે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી જ માર્ગ પર ગુરુવારે બપોરે ૧૨ વાગ્યાથી અવરજવર બંધ કરી દેવાશે. આખો દિવસ આ માર્ગ ટ્રાફિકની અવરજવર માટે બંધ રહેશે. જયારે પ્રધાનમંત્રી અક્ષરધામ ખાતે રજતજયંતિ મહોત્સવમાં હાજરી આપવાના હોવાથી સેકટરની બસોના રૂટમાં પણ ફેરફાર કરાયો છે. જેને અનુલક્ષી નગરના જ માર્ગ પર એસ ટી ની સલામત સવારી દોડશે નહીં. સેકટરના રૂટની બસો જ માર્ગ પર જશે નહીં.

જયારે સેકટરની બસો પણ ઘ અને ચ માર્ગ પર દોડશે. વિધાનસભાની ચુંટણી જાહેર થયા બાદ આમપણ રાજકીય ગરમાવાનો માહોલ પ્રબળ બન્યો છે. ત્યારે ચુંટણી પુર્વે પ્રધાનમંત્રીની મુલાકાતના લીધે રાજકીય ઉત્સુકતા પ્રવર્તી છે. અક્ષરધામમાં પણ રજત જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે પી એમ હાજર રહેવાના હોવાથી તડામાર તૈયારીઓ કરી દેવાઈ છે. પી એમના આગમનને અનુલક્ષી ઉત્સુકતા જોવા મળી રહી છે. રજત જયંતિ મહોત્સવની ઉજવણીની તૈયારીને અનુલક્ષી અક્ષરધામ પણ બંધ હોવાની સાથે અક્ષરધામના રૂટની બસો પણ બંધ રહેશે. અક્ષરધામમાં મહંત સ્વામી પણ આર્શીવચન પાઠવશે. જયારે પ્રધાનમંત્રીના સંબોધન ઉપરાંત રજત જયંતિ મહોત્સવને અનુલક્ષી ૧૫ મિનિટનો વિડીયો મેપીંગ શો પણ રજુ કરાશે.

## પ્રધાનમંત્રીના આગમનના પગલે પોલીસનો લોખંડી પહેરો



### ૧૩૦૦થી વધુ પોલીસ વડાપ્રધાનની સુરક્ષામાં તૈનાત રહેશે

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આવતીકાલે ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરમાં અક્ષરધામ ખાતે આગમન થનાર છે. જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તથા સુરક્ષા વ્યવસ્થા જાળવવા લોખંડી પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે. એરપોર્ટથી રાજભવનનો રોડ બંદોબસ્ત તથા અક્ષરધામ આસપાસ બંદોબસ્ત માટે ૧૩૦૦ જેટલા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને સુરક્ષા વ્યવસ્થા માટે તૈનાત કરવામાં આવ્યા છે. આજે અક્ષરધામ ખાતે બંદોબસ્તનું રીહર્સલ પણ કરવામાં આવ્યું હતું.

# પંચે ચૂંટણીમાં ખાસ બ્લેક કવર બનાવડાવ્યા

**એફ.એલ.સી. દરમ્યાન વી.વી. પેટ ૩૫૫૦, સી.યુ. ૫૨૪૫ અને બી.યુ. ૨૯૦૭ રાજ્યભરમાંથી રિજેક્ટ થયા છે : સ્વૈન**

ગાંધીનગર, તા. ૧

ચૂંટણી પંચ દ્વારા આ વખતે બ્લેક કવર ખાસ બનાવડાવવામાં આવ્યા છે. આ પૈકી એક બ્લેક કવર દરેક પ્રિસાઈડીંગ ઓફિસરને આપવામાં આવશે. જ્યારે બાકીના બ્લેક કવરનો જથ્થો જે તે જિલ્લા ચૂંટણી અધિકારી પાસે રહેશે.

રાજ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીમાં મતદાનની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં દરેક મતદાન મથકમાં મોકપોલ યોજવામાં આવે છે.

આ મોકપોલ પૂર્ણ થયા પછી પ્રિસાઈડીંગ ઓફિસર દ્વારા જે સ્લીપો વી.વી.પેટમાં જમા થઈ હશે તે બધી ખાલી કરી આ બ્લેક કવરમાં જમા કરી અને તમામ પોલિંગ એજન્ટના સહિસિક્કા સાથે સીલ કરવાના રહેશે.

આ પછી કોઈ ઉમેદવાર દ્વારા જો ચૂંટણી પ્રક્રિયાને પડકારવામાં ના આવે તો ૪૫ દિવસ બાદ તે બધાજ વી.વી. પેટના બોક્સમાંથી ચીઠ્ઠીઓ કાઢી અને આ બ્લેક કવરમાં પેક કરવાની રહેશે.

વી.વી.પેટમાં નીકળનારી સ્લીપને પાંચ વર્ષ સુધી સચવાય તે માટે ખાસ બ્લેક કવર પંચ દ્વારા બનાવવામાં આવ્યા છે.

દરમ્યાન રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સ્વૈને આજે પત્રકારોને જણાવ્યુ હતુ કે રાજ્યમાં ૭૦,૦૦૦ વી.વી. પેટ ઉપલબ્ધ છે. બનાસકાંઠામાં હમણાં જ આવી પહોંચેલા વી.વી. પેટનું એફ.એલ.સી. ચાલી રહેલ છે જે એકાદ દિવસમાં પૂર્ણ થઈ જશે.

એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ૭૦ હજાર વી.વી. પેટમાંથી ૩૫૫૦, ૭૫ હજાર

● અનુસંધાન પાન-૫ પર

## ૨૮૦૦ બોટલ અવિલોપ્ય શાહીની ૧૦ એમ.એલ.ની જિલ્લામાં વપરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૨૮૦૦ બોટલ અવિલોપ્ય શાહી વપરાશમાં લેવામાં આવશે.

જિલ્લામાં ૧૩૪૨ મતદાન મથકો છે અને દરેક મતદાન મથકમાં ૧૦ એમ.એએ.ની બે બોટલ આપવામાં આવશે. મતદાન કરનાર મતદારની જમણા હાથની આંગણી પર અવિલોપ્ય શાહીથી નિશાન કરવામાં આવતુ હોય છે.

રાજ્યમાં ૧,૧૫ લાખ અવિલોપ્ય શાહીની બોટલનો જથ્થો વપરાશ માટે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને પ્રાપ્ત થઈ ચુક્યો છે હવે તે જિલ્લાઓમાં રવાના કરવામાં આવશે.

# કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા પાંચ ધારાસભ્યોની ટીકીટ કપાશે

ગાંધીનગર, તા.૧

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા બાર ધારાસભ્યો પૈકી પાંચની ટીકીટ કપાવવાની શકયતાઓ છે. ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા બંને પક્ષોમાં જોરશોરથી ચાલી રહી છે ત્યારે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા બાર ધારાસભ્યો પૈકી બળવંતસિંહ રાજપૂતને જીઆઈડીસીના ચેરમેન બનાવી ટીકીટ નહી આપવાનો સંદેશ આપ્યો છે. બળવંતસિંહ રાજપૂતે પણ આ વાતનો પરોક્ષ સ્વીકાર કર્યો હોવાનું મનાય છે.

ભાજપમાં જોડાયેલા વધુ ચાર ધારાસભ્યો સર્વશ્રી પી.આઈ. પટેલ (વિજાપુર), કરમસિંહ પટેલ (સાણંદ), ભોળાભાઈ પટેલ (જસદણ)અને છનાભાઈ ચૌધરી (વાંસદા)ને ટીકીટ નહી આપવાનો નિર્ણય પક્ષના ઉચ્ચ સ્તરે કરાયો હોવાનું મનાય છે. પક્ષના અંતરંગ વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ જીતી નહી શકે તેવા કોઈ પણ ધારાસભ્યને રીપીટ કરી શકાય નહી પછી એ ભલે કોંગ્રેસમાંથી હોય કે મૂળ ભાજપના હોય. હવે માત્ર બાકી સાતે સાત ધારાસભ્યોની ટીકીટ નિશ્ચિત મનાય છે.

# ભાજપ જનસંપર્ક શરુ કરશે

ગાંધીનગર,તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર પ્રસાર માટે ભાજપ કમર કસી રહ્યું છે. તે માટે લોકો સુધી પહોંચવા માટે વધું એક અભિયાન ભાજપ દ્વારા ચલાવવામાં આવશે. ભાજપ ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન હેઠળ જનસંપર્ક શરૂ કરશે. આ અભિયાનનો પ્રારંભ ભાજપ અધ્યક્ષ અમિત શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

અમિત શાહ અમદાવાદમાંથી તો ભાજપ સરકારના બીજા મંત્રીઓ તથા કેન્દ્રીય મંત્રીઓ અન્ય જિલ્લાઓમાં ગુજરાત ગૌરવ સંપર્કયાત્રાની શરૂઆત કરશે તે રીતે તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવશે. આ રીતે ભાજપ દ્વારા પ્રચાર અભિયાનને વધું તેજ બનાવાશે. સાથે સાથે પક્ષના ૪૫૦ કરતા પણ વધારે અનુભવી અને વરિષ્ઠ આગેવાનો આ કામમાં જોડાશે. તો સાથે સાથે વિકાસકાર્યોની એક યાદી પણ રજૂ કરવામાં આવશે.

# ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૧૫૪ નરેન્દ્ર મોદી આપશે વોટ!

ગાંધીનગર,તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજનાર છે. ભાજપે ઘણી વખત ચૂંટણી મોદી બ્રાન્ડને ઈનકેશ કરાવ્યા છે. આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પણ આવું જ કંઈક આવું જ થવાનું છે. આ વખત ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આશરે ૧૫૪ વોટર્સ નરેન્દ્ર મોદીના નામથી છે. આ ૧૫૪ વોટર્સ નરેન્દ્ર મોદીના નામથી છે. આ ૧૫૪ નામોમાં પીએમ નરેન્દ્ર મોદી પણ વોટર લિસ્ટમાં સામેલ છે.

પીએમ મોદીના ડુપ્લિકેટ પણ આ સમયે ખૂબ જ ડિમાન્ડમાં છે. આ પ્રકારે જે લોકોનું નામ નરેન્દ્ર મોદી છે એ લોકો પોતાના નામ પર ગર્વ કરી રહ્યા છે. પીએમ મોદી હવે ગુજરાતના સાંસદ નથી, એ પોતાનો વોટ રાણીપ મતદાન ક્ષેત્રથી નાંખશે. પીએમ મોદી સાથે કુલ ૧૫૪ નરેન્દ્ર મોદી પણ આ ચૂંટણીમાં પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. એક સમય હતો કે જ્યારે રાજકીય પાર્ટીઓ રણનીતિ હેઠળ વોટર્સને કન્ફ્યૂઝ કરવા માટે એક જેવા નામ વાળા ઉમેદવારોને ટિકીટ આપતી હતી.

પીએમ નરેન્દ્ર મોદીનું નામ અમદાવાદ જિલ્લાના વોટર લિસ્ટમાં છે. આ લિસ્ટમાં નરેન્દ્ર મોદીના નામથી સૌથી વધારે મતદારો છે. શહેરમાં પીએમ નરેન્દ્ર મોદીની સાથે કુલ ૪૯ વોટર્સ આ નામથી છે. લિસ્ટમાં સૌથી વધારે નામ વાળો બીજો મહેસાણા જિલ્લો છે. જ્યાં ચૂંટણી પંચ અનુસાર નરેન્દ્ર મોદીના નામથી ૨૪ વોટર્સ આ લિસ્ટમાં છે. ભરૂચ જિલ્લો આ બાબતે ત્રીજા નંબર પર અને સુરત ચોથા નંબર પર છે. ભરૂચમાં ૧૬ અને સુરતમાં ૧૫ નરેન્દ્ર મોદી વોટ કરશે.

ઉત્તર ગુજરાતમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં પણ નરેન્દ્ર મોદી નામથી વોટર્સ છે. પાટણમાં ૧૩ વોટર્સ અને બનાસકાંઠામાં ૧૧ વોટર્સ છે. તો સાબરકાંઠા, ગાંધીનગર અને વડોદરામાં ક્રમશઃ ૭, ૬, ૬ મતદારો આ નામથી છે.












Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com